Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંકઃઓથો./પરિપત્ર/૧૯૮૬૮/૨૦૨૬
તા.૨૫/૦૮/૨૦૨૬

પ્રતિ,
કો–ઓર્ડિનેટરશ્રી,
ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

**વિષયઃ–** B.I.D અભ્યાસક્રમને યુજીસી નોટીફીકેશન ૨૦૧૪ સ્પેશિફિકેશન ઓફ ડિગ્રી અંતર્ગત ૪+ ૨ ના ફોર્મેટમાં યથાવત રાખવા બાબત.

મહાશય,

સવિનય જણાવવાનુ કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ થી અમલમાં આવનાર બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન અભ્યાસક્રમ અંગે ઈન્ટીરીયર ડિઝાઈન એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝની તા.૨૧/૭/૨૦૨૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧ અને ૩ થી નીચે મુજબ કરેલ ભલામણને વિનયન વિદ્યાશાખાને કરેલ ભલામણ ડીનશ્રી દ્વારા વિનયન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૮/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૭ થી કરેલ ભલામણને એકઝીક્યુટીવ કાઉન્સિલની તા.૧૧/૦૮/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૦ થી સ્વીકારી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણને બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૧/૦૮/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૪ થી યથાવત સ્વીકારી મંજૂર કરવામાં આવે છે. જેની આથી જાણ કરવામાં આવે છે.

ઈન્ટીરીયર ડિઝાઈન એડહોક બોર્ડ સ્ટડીઝની સભાના તા.૨૧/૦૭/૨૦૨૬ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧ અને ૩

ઠરાવ નં-1 : બીઆઈડી એક પ્રોસેસ બેઇઝ પ્રોફેશનલ અભ્યાસક્રમ હોવાથી, આ અભ્યાસક્રમની વિશિષ્ટતા અને યુજીસી નોટિફિકેશન ૨૦૧૪ને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમને યથાવતા ૪+૨ના ફોર્મેટમાં રાખવા તથા NEP મુજબ મલ્ટીપલ એન્ટ્રી અને મલ્ટીપલ એક્ઝિટ ઓપ્સન નહી રાખવા ભલામણ કરવામાં આવે છે.

ઠરાવ નં-3 : વર્ષ ૨૦૨૩માં પબ્લીશ થયેલ Compendium of UGC Regulations 1957-2023 ના મથાળા હેઠળ યુજીસી નોટિફિકેશન - ૨૦૧૪ Notification :Specification of Degree and other matters મુજબ બેચલર ઓફ ઇન્ટિરિયર ડિઝાઇન અભ્યાસક્રમની ન્યૂનતમ સમયમર્યાદા ૪ વર્ષ બેચલર્સ અને ત્યાર બાદ ૨ વર્ષના અંતે માસ્ટર્સ ડિગ્રી એનાયત કરવાની જોગવાઈ છે. જે ધ્યાને લઈ બીઆઇડીના અભ્યાસક્રમને ૪ + ૨ ફોર્મેટમાં જ યથાવત રાખવા માટે ભલામણ કરવામાં આવે છે.

કુલસચિવ

પ્રતિ,
૧) અધ્યક્ષશ્રી, વિનયન વિદ્યાશાખા.
૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગું. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.